| Publication: | Gujarat Niti | Edition: | Ahmedabad |
|---|---|---|---|
| Published Date: | 21 July 2017 | Page No.: | 7 |
| | | Display: | 1/1 |

### અમદાવાદમાં ૧લી ઓગષ્ટે યોજાશે

# ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ વિદ્યાર્થીઓ માટેની ભારતની સૌથી મોટી ટેક્ ક્વીઝ દેશના ૧૨ શહેરોને આવરી લેશે

ટાટા કન્સલટન્સી સર્વીસીસ (ટીસીએસ), એક અગ્રણી આઈટી સર્વીસ, કન્સલન્ટીંગ અને બીઝનેશ સોલ્યુશન્સ કંપની, આજે જાહેર કરે છે ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ની અમદાવાદ આવૃતીની – જે ભારતની સ્કુલ માટેની સૌથી મોટી ટેક્નોલોજી ક્વીઝ છે અને તે અમદાવાદમાં ૧લી ઓગષ્ટે પંડીત દિનદયાલ ઉપાધ્યાય ઓડીટોરીયમ, રાજપથ ક્લબ પાછળ, એસ.જી. હાઈ વે, અમદાવાદમાં યોજાશે.

૮- ૧૨ ના સ્કુલના વિદ્યાર્થીઓ આ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. દરેક ઈન્સ્ટીટ્યુટ વધુમાં વધુ ૮ ટીમોને મોકલી શકે છે જે દરેક ટીમમાં ૨ સભ્યો હશે. કોઈ પ્રવેશ ફી નથી ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ નું આયોજન ભારતમાં ૧૨ સ્થળે થશે – અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્નર, ચેન્નાઈ, દિલ્હી, હૈદ્રાબાદ, ઈન્દોર, કોચી, કોલકત્તા, મુંબઈ, નાગપુર અને પુના. પ્રવેશ માટેની એન્ટ્રી દરેક ઈન્સ્ટીટ્યુટ દ્વારા જુલાઈ ૨૮ કે તે પહેલા, શેફાલી, ટીસીએસ આઈટી વીઝ, કોઓર્ડીનેટર, ટાટા કન્સલટન્સી સર્વીસીસ, ગરીમા પાર્ક, પ્લોટ નં ૪૧, જીએચઓ સર્કલ નજીક, ગાંધીનગર – ૩૮૨૦૦૭. વધુ માહિતી માટે – ૦૭૯ ૬૬૭૧૨૬૦૫ ૩૦૯૬ પર સંપર્ક કરી શકાશે. અને ઓનલાઈન પણ રજીસ્ટ્રેશન www.tcsitwiz.com પર કરાવી શકાશે. ક્વિઝ ફોરમેટ : લેખિત પરીક્ષામાં આગળ આવેલી ટોચની ૬ ટીમને રિજ્યોનલ ફાઈનલ્સ માટે ક્વોલિફાઈ કરવામાં આવશે. ફાઈનલ માટે એક જ શાળામાંથી એક કરતાં વધુ આવેલી ટીમમાંથી જેના સ્કોર સૌથી વધુ હશે તે જ ટીમને સ્ટેજ પર બોલાવામાં આવશે.

રિજ્યોનલ ફાઈનલની વિજેતા ટીમ ડિસેમ્બરમાં મુંબઈ ખાતે યોજાનાર મેગા ફાઈનલ્સમાં ભાગ લેશે. વિજેતા ટીમને મુંબઈને મુંબઈ લઈ જવામાં આવશે.